॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ગુજરાતના ઉદ્યોગો : એક આર્થિક અભ્યાસ

**Vaghela Namrashi Kamleshbhai**

**Shree P.N. Varotriya Mahila Commerce College, Bhatiya**

**સારાંશ**

વિશ્વમાં કૃષિક્ષેત્ર, ઉદ્યોગક્ષેત્ર અને સેવાક્ષેત્રનું સંયોગિકિકરણ જોવા મળે અને એમ પણ કહેવાય છે કે રાષ્ટ્રીય ઉત્પાદન એ સંયુકત પ્રયાસોનું પરીણામ છે. અર્થતંત્રના તમામ ક્ષેત્રો એક બીજાની આધારીતતાની દષ્ટિએ ખુબ મહત્વ ધરાવે છે. એમ કહેવાય કે કૃષિક્ષેત્રને લીધે ઉદ્યોગક્ષેત્રનો વિકાસ અને ઉદ્યોગક્ષેત્રને લીધે સેવાક્ષેત્રનો વિકાસ શક્ય બને છે એટલે અર્થતંત્રના તમામ ક્ષેત્રો વિકાસની દ્રષ્ટિએ આપોઆપ મહત્વ ધરાવે છે. પ્રસ્તૂત સંશોધન અભ્યાસમાં અર્થતંત્રના મુખ્ય ત્રણ ક્ષેત્રો જેમકે કૃષિક્ષેત્ર, ઉદ્યોગક્ષેત્ર અને સેવાક્ષેત્રમાં ગુજરાતના સંદર્ભમાં ઉદ્યોગક્ષેત્રનો મહત્વનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતનાં વિવિધ ઉધોગોને લક્ષમાં રાખી તમામનો સંક્ષિપ્તમાં અભ્યાસ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય ઉત્પાદન, મૂડીરોકાણ અને અનેકવિધ નિકાસની દ્રષ્ટિએ ખુબ જ મહત્વ ધરાવે છે. જેમાં ગુજરાતના ઉદ્યોગોનો મહત્વનો ફાળો રહ્યો છે તેમજ રાષ્ટ્રીય આવક અને રોજગારી પણ વિશેષ મહત્વ ધરાવે છે.

**ચાવીરૂપ શબ્દો :** ગુજરાત, ઉદ્યોગ, આવક, ઉત્પાદન, બજાર

**પ્રસ્તાવના**

ઉદ્યોગક્ષેત્ર એ વ્યક્તિની આવડત અને કાર્યશકિતને આધારે રોજગાર અર્પે છે. એમ પણ કહેવાય છે કે ઉદ્યોગક્ષેત્ર એ સ્વતંત્ર એકમ નથી પરંતું કૃષિક્ષેત્ર પર તેની આધારિત પણ છે આથી જો ઉદ્યોગક્ષેત્રનો વિકાસ કરવો હોય તો કૃષિક્ષેત્રનો વિકાસ પણ જરૂરી બને છે. કારણકે કૃષિક્ષેત્ર દ્વારા ઉદ્યોગક્ષેત્રને કાચોમાલ પૂરો પાડતા ત્યારબાદ જ ઉદ્યોગક્ષેત્ર અમુક પ્રક્રિયા કરી જરૂરિયાત સંતોષનારી વસ્તુઓ બનાવી સમાજને અર્પે છે અને સમાજની જરૂરીયાતો પુરી કરે છે. ભારત અને ગુજરાત રાજ્યમાં વસ્તીની પ્રમાણ વધુ છે અને આ વસ્તીને રોજગારી પૂરી પાડવામાં પણ ઉદ્યોગક્ષેત્રનું ખુબ જ મહત્વ રહેલું છે. આ

ઉપરાંત ખોરાક, તૈયાર વસ્તુ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી પૂરવઠો, લોખંડ-પોલાદ, વહાણ બાંધકામ, નાના-મોટા ઓજારો વગેરે માટેની વ્યવસ્થા અને કામગીરીમાં ઉદ્યોગક્ષેત્ર દેશ અને વિદેશી દૃષ્ટિએ મહત્વ ધરાવે છે. આમ, પ્રસ્તૂત સંશોધન અભ્યાસમાં ગુજરાતનાં વિવિધ ઉધોગોને લક્ષમાં રાખીને અભ્યાસ હાથ ધરવામાં આવશે.

**હેતુઓ**

- ✓ ગુજરાતના ઉદ્યોગોનો અભ્યાસ કરવો.
- ✓ ગુજરાતના વિવિધ ઉધોગોનો અભ્યાસ કરવો.
- ✓ ગુજરાતના વિવિધ ઉધોગોનો સંક્ષિપ્તમાં અભ્યાસ કરવો.

**સંશોધન પદ્ધતિ**

- પ્રસ્તૂત સંશોધન અભ્યાસમાં ગૌણ માહિતી દ્વારા વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સબંધિત સાહિત્યની સમીક્ષા**

**1) ટાંકોદરા જગદીશ (2009) ઓદ્યોગિક ક્ષેત્રે આર્થિક સુધારાઓની અસરો અને ભાવિ તકો - જૂનાગઢ જિલ્લાના સંદર્ભમાં અભ્યાસ**

દેશના મુખ્ય આર્થિક ક્ષેત્રો જેમકે ખેતી, ઉદ્યોગ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વેપાર વગેરેના આર્થિક વિકાસને માટે મુકત વ્યાપાર અને હળવા પ્રોત્સાહનો જરૂરી બને તે માટે જ ખાનગીક્ષેત્રને જરૂરી મુક્ત પ્રોત્સાહન મળે અને સરકાર દ્વારા આર્થિક નીતિઓમાં પરિવર્તનો આવે તેવા પ્રયાસો 24 જુલાઈ 1991 માં કરવામાં આવ્યા તેને જ આર્થિક સુધારા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ આર્થિક સુધારા દ્વારા ઓદ્યોગિક ક્ષેત્રે મુખ્ય ત્રણ વિભાગો પાડવામાં આવ્યા જેમકે ઉદારીકરણ ખાનગીકરણ અને વેશ્વિકિકરણ. આથી ઉદ્યોગોની વિકાસ અને વહીવટ સારા એવા પ્રમાણમાં વધ્યો છે. જેમાં મુખ્ય હેતુઓ પણ ધારવામાં આવ્યા હતા જેવા કે ઝડપી આર્થિક વિકાસમાં નડતર અવરોધો દૂર કરવા, ઈજારાશાહીના વલણો નાશ કરવા, આવક અને સંપતિની અસમાનતામાં ઘટાડવી, રોજગારી વધારવી, વિદેશી દેવું ઓછું કરવું, ઉત્પાદન શકિતનો પૂરતો ઉપયોગ કરવો, આર્થિક અને સામાજિક આંતરમાળખાનો વિકાસ કરવો, વિશ્વને એક બજાર બનાવવું વગેરે.

**2) ડો.નિતિક્ષા જે.ગેડીયા (2018) મહિલા ઉદ્યોગ સાહસિકો : પ્રગતિ,પ્રશ્નો અને ભાવિ (રાજકોટ, જિલ્લાનાં સંદર્ભમાં અભ્યાસ)**

ઉદ્યોગ સાહસિક એ દેશના ઉદ્યોગ માળખાનું હાર્દ છે. અગાઉના ઘણા વર્ષોથી મહિલાઓને ઓદ્યોગિક ક્ષેત્રે કામ મળે અને તેની સાથે મહત્વ પણ મળે તે રીતે આર્થિક અને નાણાકીય સહાય મળતી રહી છે. આથી મહિલાને માટે વ્યવસાય કે નોકરી કરવી અથવા તો આર્થિક પ્રવૃત્તિ અંગેની કામગીરીનું કાર્ય સરળ બન્યું છે. મહિલાઓ પોતે અને સમાજને એક નવી રાહ પર લઈ જાય છે. પહેલા રૂઢિવાદી ભારતીય સમાજમાં મહિલાઓનું સ્થાન માત્ર ગૃહકાર્ય પુરતું સિમિત હતું પરંતુ આજે તે અનેક પ્રવૃતિઓમાં સહભાગી બની છે. જે સરકારના પ્રયાસો દ્વારા સમાજમાં આવેલ પરિવર્તનોને આભારી છે.

**3) અક્ષયભાઈ કાસુભાઈ બાગુલ (2020) કુદરતી સંસાધનો આધારિત ગૃહ ઉદ્યોગો સાથે સંકળાયેલ કુટુંબોની આર્થિક સ્થિતિ (ડાંગ જિલ્લાના સંદર્ભમાં)**

ભારતના ગૃહ ઉદ્યોગો અંગે સ્વતંત્રતા પહેલાની સ્થિતિ જોતાં આજ થી 300 વર્ષ પહેલા બ્રિટિશ સરકાર વેપાર કરવાના ઇરાદા સાથે ભારતમાં 'ઈસ્ટ ઇન્ડિયા કંપની' ની સ્થાપના કરી હતી. જેને લીધે ધીમે ધીમે તેઓ દેશમાં રાજ્યની સ્થાપના કરી અને પોતાનું રાજ્યશાસન સ્થાપ્યું. ત્યારે દેશની 35% વસ્તી ગૃહ ઉદ્યોગ સંલગ્ન કામગીરી સાથે સંકળાયેલા હતા. આપણા દેશમાં ગૃહ ઉદ્યોગ જેવાકે કાપડ ઉદ્યોગ, વાંસ ઉદ્યોગ, હસ્તકલા કારીગરી ઉદ્યોગ, પથ્થર ઉદ્યોગ વગેરે હતા. ગામડામાં કાપડ, પગરખા, તેલ ધાણી, સુથારી, લુહારી, દરજી કામ, વૈદ કામ વગેરે અનેક નાના-મોટા ગૃહ ઉદ્યોગો ચાલતા હતા. ત્યારે માનવામાં આવતું કે લોકો રોજી રોટી માટે કોઈ પણ કામ સ્વીકારી વડતર મેળવતા, ઢાકાનાં વણકરોની હોશિયારી અતિશય ખુબ પ્રચલિત બની હતી તેમજ કાપડ ઉદ્યોગ, દિવાસળીના ઉદ્યોગ વગેરે. વર્ષ 1947 પછી ભારતે આયોજન માર્ગ અપનાવ્યો. બીજી પંચવર્ષીય યોજનામાં ગૃહ ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી પ્રયાસો કરવામાં આવ્યા હતા.

**ગુજરાત રાજ્ય અને તેના વિવિધ ઉધોગો**

- ગુજરાત રાજ્યની સ્થાપના 1 મે, 1960ના રોજ બૃહદ મુંબઇ રાજ્યમાંથી જ્યાં ગુજરાતી બોલાતી હોય તેવા વિસ્તારોને અલગ તારી કરવામાં આવી હતી. સમગ્ર ભારતના ઇતિહાસ ઝાખીએ તો એમ જાણવા મળે કે ગુજરાત રાજ્ય દ્વારા ભારતનો આર્થિક વિકાસ ઊંચા દરે થયો છે.
- ગુજરાત ભારતના વિવિધ રાજ્યોમાં અગત્યનુ રાજ્ય ગણાય છે અને તેનો ઔદ્યોગિક વિકાસ દર સમગ્ર ભારતના ઔદ્યોગિક વિકાસ દરમાં સૌથી વધારે મહત્વનું સ્થાન ધરાવે છે અને એમ પણ જાણવા મળે છે કે ભારતના સરેરાશ વિકાસદર કરતાંં પણ ગુજરાતનો વિકાસ દર ઘણો વધારે છે.

- ગુજરાતમાં વિવિધ ઔદ્યોગિક કેન્દ્રો આવેલા છે જેમકે કચ્છ, અમદાવાદ, અંકલેશ્વર, ભરુચ, દહેજ, સુરત, રાજકોટ, વડોદરા, વાપી, જામનગર, હજીરા અને અલંગનો સમાવેશ થાય છે.
- ગુજરાતમાં વિવિધ પ્રકારના ઉધોગો જોવા મળે છે જેમકે કૃષિ આધારિત ઉદ્યોગો, ખનિજ આધારિત ઉદ્યોગો, પશુસંપતિ આધારિત ઉદ્યોગો, વન આધારિત ઉદ્યોગો, ઇજનેર આધારિત ઉદ્યોગો, ઘડિયાળ કારીગીરી આધારિત ઉદ્યોગો, જહાજ આધારિત ઉદ્યોગો વગેરે જેવા ઉદ્યોગો દ્વારા ગુજરાત રાજ્ય ભારતમાં અગ્રસ્થાન ધરાવે છે.
- પહેલાના સમયમાં ઉત્પાદનને ધ્યાનમાં રાખી ઉધોગોનું વર્ગીકરણ જે સમય જતા મૂડીરોકાણને આધારે ઉધોગોનું વર્ગીકરણ કરવામાં આવ્યું. જેમાં ભારત સરકાર અને MSME મંત્રાલય અનુસાર વર્ષ 2020 તમામ ઉદ્યોગોનું વર્ગીકરણ કરતા નીચે મુજબની બાબતો સ્પષ્ટ કરી છે.

| ઉદ્યોગો | મૂડીરોકાણ મર્યાદા |
|---|---|
| ગૃહ ઉદ્યોગ | 5 થી 25 લાખ |
| નાના પાયાના ઉદ્યોગ | 25 લાખ થી 5 કરોડ |
| મધ્યમ પાયાના ઉદ્યોગ | 5 કરોડ થી 10 કરોડ |
| મોટા પાયાના ઉદ્યોગ | 10 કરોડ થી વધુ |

પ્રસ્તૂત સંશોધન અભ્યાસમાં ગુજરાતનાં વિવિધ ઉધોગો સંલગ્ન બાબતોની જાણકારી પ્રાપ્ત કરવામાં આવશે. જે નીચે પ્રમાણે છે.

**1) કાપડ ઉદ્યોગ (ટેક્સટાઇલ)**

- ગુજરાત રાજ્ય આવેલ અમદાવાદ શહેરનો કાપડ ઉદ્યોગ 19મી સદીથી પ્રચલિત ઉદ્યોગ તરીકે કામ કરી રહ્યો છે. જેની સ્થાપના બ્રિટિશ શાસન હેઠળ કરવામાં આવી હતી.
- અમદાવાદના કાપડ ઉદ્યોગ  રાજ્યભરના હજારો લાખો લોકોને રોજગાર આપી અનેક દેશમાં કાપડની નિકાસ કરી રહ્યું છે. જેમાં મુખ્ય બે ઉદ્યોગ મહત્વની સ્થાન ધરાવે છે. 1) અરવિંદ મિલ એન્ડ કંપની અને 2) આશિમા ગ્રુપ એન્ડ મિલ

**2) ડાયમંડ ઉદ્યોગ**

- ગુજરાત રાજ્યમાં ડાયમંડ ઉદ્યોગ એ સુરતમાં આવેલ છે જેને 'ડ્રીમ સિટી' પણ કહેવાય છે. જે ભારતના હીરા વ્યાપારનું કેન્દ્ર પણ ગણવામાં આવે છે.

- ગુજરાત રાજ્યમાંથી યુનાઈટેડ આરબ અમીરાત, ઈરાન, કતાર, ઓમાન અને બીજા અનેક નાના મોટા પ્રદેશમાં હીરાની નિકાસ થાય છે અને વૈશ્વિક બજારોમાં તેનું સ્થાન મોખરાનું ગણવામાં આવે છે.

**3) ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ**

- ગુજરાતમાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ દવાના ઉત્પાદનમાં 33% અને વિશ્વમાં દવાની નિકાસમાં 28% ફાળો ધરાવે છે.
- અમદાવાદ અને વડોદરા એ ગુજરાત રાજ્યમાં ફાર્માસ્યુટિકલ હબ તરીકે જાણીતા અને પ્રચલિત છે. કારણકે તે મોટી અને નાની દવા કંપનીઓ તરીકે ઓળખાય છે.
- ગુજરાતમાં હાલમાં લગભગ 5,000 થી વધુ દવા ઉત્પાદન એકમો અને કંપનીઓ આવેલ છે અને વર્ષ 2008 સુધીમાં ભારતના ફાર્માસ્યુટિકલ ટર્નઓવરમાં 42 ટકા અને તેની નિકાસમાં 22 ટકા યોગદાન આપે છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષ દરમીયાન મૂડીરોકાણમાં 54 ટકા વધ્યું હતું. આ ઉદ્યોગનું મૂલ્ય 5.5 US બિલિયન આંકવામાં આવ્યું છે. જે ભારત અને ગુજરાત રાજ્ય માટે ખુબ અગત્યની બાબત ગણી શકાય.

**4) કેમિકલ્સ ઉદ્યોગ**

- ગુજરાત રાજ્યમાં કેમિકલ્સ ઉદ્યોગની સ્થાપના વર્ષ 1982માં બેન્ઝોટ્રિક્લોરાઇડ નામના કેમિકલ્સ ઉત્પન્ન કરવામાં માટે કરવામાં આવી હતી અને એમ પણ મનાઈ છે કે ત્યાંથી જ કંપનીનો વિકાસ અને વિસ્તાર થયો હતો.
- ગુજરાતમાં આવેલ કેમિકલ્સ ઉધોગો ઘણા કેમિકલ્સ અને પદાર્થોનું નવીનીકરણ કરી સ્ત્રોત તૈયાર કરે છે કેમકે ઓર્ગેનિક એસિડ, ક્લોરાઇડ્સ, ક્લોરોટોલ્યુએન ડેરિવેટિવ્ઝ, રાસાયણિક પદાર્થો, ક્લોરોટોલ્યુએન ડેરિવેટિવ્ઝ, ફાઇન વગેરે. જે ત્રીસ વર્ષની ભારત અને ગુજરાત રાજ્યમાં વિકાસની કામગીરી બતાવે છે.

**5) રસાયણ ઉદ્યોગ**

- ગુજરાતમાં રસાયણોના બે પ્રકારના ઉદ્યોગ જોવા મળે છે જેમકે કાર્બનિક અને અકાર્બનિક રસાયણો.
- કાર્બનિક રસાયણ ઉદ્યોગના સંદર્ભે પેટ્રો-રસાયણ (પેટ્રોકેમિકલ્સ) તરીકે ઓળખાય છે. જેનો ઉપયોગ કૃત્રિમ રેસા, કૃત્રિમ રબર, પ્લાસ્ટિકની વસ્તુઓ, રંગ, રસાયણ તથા દવાઓમાં થાય છે.

- સૌથી મોટું રંગ રસાયણ ઉદ્યોગ કેન્દ્ર અતુલ કેમિકલ્સ છે, જે વલસાડ જિલ્લામાં આવેલું છે. જે ગુજરાત રાજ્યના રંગ રસાયણ ઉદ્યોગોમાં કુલ 40% ફાળો દર્શાવે છે આ ઉપરાંત વધુ સલ્ફર ડાયનું ઉત્પાદન 57% જેટલું અતુલ કેમિકલ્સ દ્વારા જ થાય છે.

**6) મીઠું ઉદ્યોગ**

- ભારતના ગુજરાત રાજ્યમાં મીઠા ઉદ્યોગ આવેલ છે જે ભારતની કુલ નિકાસમાં 78% જેટલો ભાગ ધરાવે છે. ગુજરાતમાં સૌથી વધુ મીઠાનું ઉત્પાદન સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા વિસ્તારમાં થાય છે.
- સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા વિસ્તારમાં સૌથી વધુ મીઠાનું ઉત્પાદન લેવામાં આવે છે અને પૂરા ભારત દેશમાં આ મીઠાનો વ્યાપાર કરવામાં આવે છે.

**7) સિમેન્ટ ઉદ્યોગ**

- ગુજરાત રાજ્યમાં કોડીનાર, વડનગર, ભરૂચ, કોવાયા, અમરેલી, બાબરકોટ, રાણાવાવ, ભુજ, જામનગર, રાજકોટ, મોટીબેર, અબડાસા (કચ્છ) વગેરે વિસ્તારમાં સિમેન્ટ ઉદ્યોગ આવેલ છે.

**8) એન્જિનિયરિંગ ઉદ્યોગ**

- ગુજરાત રાજ્યમાં એન્જિનિયરિંગ ઉદ્યોગ સંલગ્ન ઘણા ઉધોગો કામ કરી રહ્યા છે જેમકે બોબીન ઉદ્યોગ અમદાવાદ અને ભાવનગરમાં, વોટર હીટર અને મશીનરી ઉદ્યોગો સુરતમાં, ઓટોમોબાઇલ પાર્ટ્સ સંલગ્ન ઉદ્યોગો નડિયાદમાં, બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગો અને વિશિષ્ટ પ્રકારના લેથ જામનગરમાં, રેઝર, સાયકલ ડાયનેમાં, બોલપેન, ઘડિયાળ કવર, ડીઝલ એન્જિન સંલગ્ન મશીનરી વગેરે રાજકોટમાં, ઇલેક્ટ્રોનિક મોટર્સ એન્ડ યંત્રો વડોદરામાં, રેડિયો ટ્રાન્ઝિસ્ટર કલોલમાં, ખેતીના યંત્રો જુનાગઢમાં, ઇલેક્ટ્રીક ઘડિયાળ અને સંલગ્ન મશીનરી મોરબીમાં, સ્ટેનલેસ સ્ટીલ કંડલામાં, સ્ટીલ ટ્યુબ અમદાવાદમાં, મેટ્રો રેલવેના ડબ્બા અને મશીનરી સાવલી, વડોદરા, કેનેડાની કંપની દિલ્હી મેટ્રો રેલના ડબ્બા અહીં બન્યા હતા, ફાઉન્ડ્રી ઉદ્યોગ અમદાવાદ અને રાજકોટમાં, ટ્રાન્ઝિસ્ટર રેડિયો અને ઇલેક્ટ્રોનિક મશીનરી વડોદરામાં વગેરે જોવા મળે છે.

**9) સિરામિક ઉદ્યોગ**

- ગુજરાત રાજ્યમાં સિરામિક ટાઇલ્સ અને સેનિટરી વેરની એ મોરબી વિસ્તારનો સૌથી પ્રખ્યાત ઉદ્યોગ છે. ગુજરાતનો મોરબી જિલ્લો ભારતનું સિરામિક હબ બન્યો છે. સિરામિક ટાઇલ્સ, સેનિટરી વેર, ઔદ્યોગિક અને તકનીકી સિરામિક્સના 1000થી વધુ ઉત્પાદk એકમો સાથે ગુજરાતનું મોરબી એકલું જ ભારતમાં સિરામિક ઉત્પાદનોના બજાર હિસ્સામાં લગભગ 90% હિસ્સો ધરાવે છે. જે ભારત અને ગુજરાત રાજ્ય માટે ગર્વની બાબત ગણી શકાય.

**તારણો**

- પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ગુજરાતના મુખ્ય અને અગત્યનુ સ્થાન ધરાવતા વિવિધ ઉધોગો વિશે મહત્વની બાબતો થી માહીતી મેળવી.
- ભારતમાં ગુજરાતના ઉદ્યોગનું મહત્વનું પ્રદાન રહ્યું છે. તેવી બાબતો સ્પષ્ટ થઈ હતી.
- ભારતની રાષ્ટ્રીય આવક, ઉત્પાદન અને રોજગારીમાં ગુજરાતના ઉદ્યોગો અગત્યનો ફાળો પ્રદાન કરે છે તેવી બાબતો સ્પષ્ટ કરવામાં આવી.
- ગુજરાતના ઉધોગો વિશ્વના બજાર સાથે સંલગ્ન છે તેવી બાબતો સ્પષ્ટ કરવામાં આવી.
- વૈશ્વિક બજારમાં ભારત સાથે ગુજરાત પણ જોડાયેલું છે તેવી બાબતો સ્પષ્ટ કરવામાં આવી.

**સંદર્ભસૂચિ**


- https://en.wikipedia.org
- https://www.ibef.org
- https://www.thehindu.com
- https://en.wikipedia.org
- https://gujecostat.gujarat.gov.in
- https://banaskantha.nic.in
- ગુજરાત બજેટ 2024-25 : CMO Gujarat, https://cmogujarat.gov.in › gujarat
- પટેલ. આર. એસ. (2017) સંશોધન પદ્ધતિઓ. (Book)
- ટાંકોદરા, જે. (2009) ઓદ્યોગિક ક્ષેત્રે આર્થિક સુધારાઓની અસરો અને ભાવિ તકો - જૂનાગઢ જિલ્લાના સંદર્ભમાં અભ્યાસ. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી : રાજકોટ, ગુજરાત રાજ્ય.
-
- ગેડીયા, એન. જે. (2018) મહીલા ઉદ્યોગ સાહસિકો : પ્રગતિ, પ્રશ્નો અને ભાવિ (રાજકોટ જિલ્લાના સંદર્ભમાં અભ્યાસ), સૌરાષ્ટ્ર યુનિવર્સીટી : રાજકોટ, ગુજરાત રાજ્ય.
- બાગુલ. કે. એ, (2020) કુદરતી સંસાધનો આધારિત ગૃહ ઉધોગો સાથે સંકળાયેલા કુટુંબોની આર્થિક સ્થિતિ ( ડાંગ જિલ્લાના સંદર્ભમાં અભ્યાસ). સૌરાષ્ટ્ર યુનિવર્સીટી : રાજકોટ, ગુજરાત રાજ્ય.